ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૭-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### શિવ કરતાં જીવનો અભિષેક જરૂરી

શ્રાવણ શરૂ થતાં જ દેશભરમાં શિવભક્તિનું ઘોડાપૂર ઊમટે છે. શિવનો અર્થ જ કલ્યાણકારી; ભગવાન શંકર દેવાધિદેવ-મહાદેવ છે. વળી એ ભોલે ભંડારી તો એકાદ બીલીપત્રથી કે જળના અભિષેકથી સંતુષ્ટ થઈ જાય એવા આસુતોષ છે. આપણે પામર જીવો સ્વાર્થ પ્રેરિત ભક્તિ કરતા હોઈ ભગવાનને પણ લાલચુ અને લાંચિયા બનાવી મૂક્યા છે. આપણે એમ માની બેઠા છીએ કે તિરુપતિ બાલાજી, શિવજી, માતાજી કે શિરડીના સાંઈને આપણે જેટલી વધુ કીમતી ભેટ સોગાદ ચડાવીશું એટલા એ વધુ પ્રસન્ન થશે. આપણી આવી ગાંડી ઘેલી માન્યતા પાછળ લૌકિક વહેવારની પરંપરા પડેલી છે. પ્રધાનો અને અધિકારીઓની જેમ પ્રભુ પણ આવી ભેટ સોગાદ સ્વીકારવા લાગે એ તો નવાઈની વાત. શ્રાવણમાં બીલીનાં વૃક્ષો બોડાં બની જાય છે અને હજારો-લાખો મણ દૂધ શિવલિંગના અભિષેક નિમિત્તે ગટરમાં વહી જાય છે. એકવીસમી સદીમાં પણ આપણે આ ગાંડપણ ચાલુ રાખીએ તે શોભે ખરું ? જાણીતા અખબાર જૂથે નવી પહેલ કરવાનો શુભ વિચાર મૂક્યો અને તે દ્રુત ગતિથી ઝિલાયો. આ અભિષેકનું દૂધ વંચિત-શોષિત-કુપોષિત બાળકોને પિવડાવવાનો વિચાર ખરે જ ક્રાંતિકારી છે. ગુજરાતનું બાળપણ કુપોષિત હોવાનું કલંક કોઈ નાની સૂની, નજર અંદાજ કરવાલાયક કે નાખી દેવા જેવી બાબત નથી. આપણે એ મુદ્દે જાગ્રત રહી જરૂરી ઉપાયો યુદ્ધના ધોરણે યોજવા ઘટે. ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ આ નવા વિચારને બિરદાવ્યો છે. દૂધનો બિનજરૂરી બગાડ થાય એ કરતાં પ્રતીકાત્મક રીતે સિવજીને દૂધનો અભિષેક કરી બાકીનું દૂધ જરૂરિયાતવાળાં બાળકોમાં વહેંચી દેવાય તો એથી શિવજી વધુ પ્રસન્ન થશે, કારણ કે આખરે જીવ અને શિવ વચ્ચે તો અનાદિકાળથી આત્મીય સંબંધ રહ્યો છે. જીવ માત્રનું કલ્યાણ થાય એમાં જ દેવાધિદેવ મહાદેવને રસ હોય.

આ અભિયાનની દેશભરમાં વ્યાપક અસર થવા પામી છે. અભિષેક માટેનું દૂધ શિવલિંગ પર ન રેડી દેતાં વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો, હોસ્પિટલો અને શિશુમંદિરોમાં જરૂરિયાતવાળા જીવો સુધી પહોંચવા લાગ્યું છે.

આ પ્રકારની સામાજિક જાગૃતિ ફેલાવવામાં રૂઢિચુસ્ત અને અંધશ્રદ્ધાળુ લોકોનો વિરોધ પણ સહન કરવાની તૈયારી રાખવી પડે. સેંકડો બલકે હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરાને બદલવા આમજનતા જલદી તૈયાર ન પણ થાય. આ એક લોકશિક્ષણનું પવિત્ર કાર્ય છે, જે સંપૂર્ણ નિષ્ઠાથી હાથ ધરાય તો એમાં મોડી વહેલી સફળતા મળીને જ રહે. રૂપાલની પલ્લીમાં હજારો મણ ઘી વેડફાય છે. એ ઘીની ગામના ધૂળિયા રસ્તાઓ પર નદીઓ વહેતી હોય છે, જેમાંથી ચાળી-ગાળીને મહેતર સમાજના લોકો એને ઉપયોગમાં લે છે. જો આવી રીતે માણસની ગરિમા હણવાને બદલે સીધું જ એ ઘીનું દાન કરાતું હોય તો વરદાયિની માતા થોડાં ગુસ્સે થવાનાં છે ? પરંતુ વર્ષોથી ચાલી આવતી પરંપરા તોડવામાં ગ્રામજનોને અનિષ્ટની આશંકા રહેતી હોઈ હજી સુધી આ પ્રકારનો સુધારો લાવી શકાયો નથી. બધાને ખબર છે કે ભૂખ્યા માણસની આંતરડી ઠારવાથી એનો અંતરાત્મા રાજીપો અનુભવશે, વળી 'આત્મા સો પરમાત્મા' વાળી વાત પણ બધા સ્વીકારે છે. પરંતુ પરંપરા ભંજન એ ઘણું વીરતાભર્યું કામ છે અને જ્યારે વ્યક્તિને બદલે સમસ્ત જન સમુદાય એવું અભિયાન ઉપાડે ત્યારે એ વધુ સુગમ બની રહે છે. શ્રાવણ મહિનામાં શિવજીને અપાતો દુગ્ધાભિષેક કુપોષિત બાલદેવતાઓ કે વૃદ્ધ જીવોને અપાય તો એથી શિવજી જલદી પ્રસન્ન થશે, એવી સાદી સમજણ પ્રવર્તે તો કેવું સુખદ પરિણામ સાંપડી શકે !

### સે. ૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર-૧૪ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૪ માટે જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ તા. ૧ ઓગષ્ટ, શુક્રવાર સવારે ૯.૦૦ વાગે સાયન્સ સેન્ટર ખાતે યોજવામાં આવશે.

ઉજ્જવળ ભવિષ્ય માટે કૃષિ ભોગે સંશોધન : પડકારો અને શક્યતાઓ વિષય પર સેમિનાર યોજાશે. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ ચાર્ટસ, સ્લાઈડ, પી.પી.ટી.થી વધુમાં વધુ પાંચ સ્લાઈડ, અથવા ચાર્ટસ રજૂ કરવાના રહેશે. સ્પર્ધામાં એક શાળામાંથી એક જ વિદ્યાર્થી ભાગ લઈ શકશે અને વિદ્યાર્થીઓએ પોતાનું વિષયને અનુરૂપ વક્તવ્ય ૭ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે.

### સાયન્સ ઓલમ્પિયાડના સેમિનારમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૩૦

સાયન્સ સિટી અમદાવાદ ખાતે ત્રિ દિવસીય રાજયકક્ષાનો સાયન્સ ઓલમ્પિયાડ સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં સેકટર-૨૩ સ્થિત આર.સી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓમાં દીપ પટેલ, શુરવીર ચાવડા, હર્ષ મોરે અને હર્ષ રાજપુત તેમજ નિરજભાઈ પટેલ, ભાવિકભાઈ પટેલ અને પ્રકાશભાઈ પટેલે શિક્ષક તરીકે ભાગ લીધો હતો. સેમિનારમાં રાજયની સાયન્સ સ્કુલોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

### રાષ્ટ્રભાષા ગૌરવ ઉપાધિથી સન્માનિત કરાશે

અખિલ ભારતીય હિન્દી સેવા સંસ્થાન ઈલાહાબાદ દ્વારા ગાંધીનગરના ગુલાબચંદ પટેલની રાષ્ટ્રભાષા ગૌરવ સાહિત્યિક શિરોમણીની ઉપાધી માટે પસંદગી કરવામાં આવી છે. તેઓને આગામી ઓક્ટોબર મહિનામાં યોજાનાર રાષ્ટ્રીય સંગોષ્ઠી કાર્યક્રમમાં માનદ ડીગ્રી એનાયત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુલાબચંદ પટેલ દ્વારા નગરમાં વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવે છે.

# સરકારને પર્સેન્ટાઈલ લિસ્ટ રજુ કરવા હાઈકોર્ટનો હુકમ

## અલગ-અલગ બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યાના પરિણામે અન્યાયની રજુઆત : આજે એફિડેવિટ રજૂ કરવી પડશે

અમદાવાદ, તા. ૩૦

ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ માટેની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા અગાઉ રજુ કરાયેલા બાંહેધરી જવાબમાં વિસંગતતા હોવાની અરજદારો તરફથી રજુઆત કરવામાં આવી હતી. જેના પગલે જુદા-જુદા બોર્ડના વિદ્યાર્થીઓને અપાયેલા પર્સેન્ટાઈલનું લીસ્ટ રજુ કરવા હાઈકોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે. આવતીકાલે સરકારે આ અંગે એફિડેવીટ રજુ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ પર્સેન્ટાઈલ પદ્ધતિ પ્રમાણે અપાતું હતું જેના કારણે જુદા-જુદા બોર્ડના વિદ્યાર્થીઓને સરખો ન્યાય મળતો ન હતો. શિક્ષણ બોર્ડની પર્સેન્ટાઈલ પદ્ધતિ સામે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી થઈ હતી જેમાં હાઈકોર્ટે શિક્ષણ બોર્ડની પર્સેન્ટાઈલ પદ્ધતિ રદ કરી હતી પણ રાજ્ય સરકાર આ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં ગઈ હતી જેમાં સુપ્રિમ કોર્ટે આ વિવાદ મામલે વચ્ચેનો માર્ગ કાઢવા જણાવ્યું હતું ત્યારબાદ રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં બાંહેધરી આપી હતી કે પર્સેન્ટાઈલ પદ્ધતિમાં કોઈ વિદ્યાર્થીને અન્યાય નહીં થવા દેવાય પણ રાજ્ય સરકારના બાંહેધરી જવાબમાં વિસંગતતાઓ જોવા મળતા અરજદારોએ રજુઆત કરી હતી. અરજદારોએ રજુઆત કરતા જણાવ્યું હતું કે બે અલગ અલગ બોર્ડના (જીએસઈબી-સીબીએસઈ) વિદ્યાર્થીઓની સંખ્યાના કારણે અન્યાય થઈ રહ્યો છે. અરજદારોની રજુઆત સામે ગુજરાત હાઈકોર્ટે ચીફ જસ્ટીસની ખંડપીઠે રાજ્ય સરકારને જુદા-જુદા બોર્ડના વિદ્યાર્થીઓને અપાયેલા પર્સેન્ટાઈલનું લીસ્ટ રજુ કરવા ફરમાન કર્યું છે. આવતીકાલે રાજ્ય સરકારે આ અંગે હાઈકોર્ટમાં એફિડેવિટ રજુ કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે પર્સેન્ટાઈલ પદ્ધતિના કારણે ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળ ભણતા વિદ્યાર્થીઓને ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવવા અન્યાય થતો હતો.

### રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩ દ્વારા શહેરના અલગ-અલગ સેક્ટરમાં સામાજીક કાર્યના ભાગરૂપે વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરને રઢિયામણું બનાવવા અને સામાજીક કાર્યના ભાગરૂપે સેકટર-૨૩ ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબેન જોષીના માર્ગદર્શન હેઠળ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. બી.એડ., એમ.એડ., ના તાલીમાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા અને સેક્ટર-૨૨, ૨૩, ૨૮ અને ૨૯ સેક્ટરમાં રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સેક્ટર-૨ પેન્શનર્સ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

સેક્ટર-૨, પેન્શનર્સ સમાજ દ્વારા સભ્યોના પૌત્ર-પૌત્રીઓએ ધોરણ-૧૦, ૧૨ માં ૭૫ ટકા થી વધારે માર્કસ મેળવ્યા છે. તેમનું સન્માન કરવામાં આવશે. તા. ૨૭ ઓગષ્ટના રોજ સેક્ટર-૨ સરકારી દવાખાના સામેના બગીચા ખાતે સાંજે ૫.૦૦ વાગે સન્માન સમારોહ યોજાશે. સેક્ટર-૨માં રહેતા હોય, ગાંધીનગર શાળામાંથી પરીક્ષા પાસ કરી હોય અને શહેર પેન્સનર્સ સમાજના સભ્ય હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૧૦ ઓગષ્ટ પહેલા માર્કશીટ નિરંજન ઓઝા, અમીધર જરદોશ, ડી.પી. સંઘાણી અને જીતેન્દ્ર પુરોહિતને મોકલી આપવા જણાવ્યુ છે.

### બાલવા હાઈસ્કૂલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવામાં 'ઈકો કલબ અંતર્ગત' શાળાના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળામાં નીલગીરી, આસોપાલવ (પેન્ડુલા), બોરસલ્લી, સરગવો, વડલો, કપોક જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતા સાથે દાડમ, જામફળી, જાંબુ જેવા ફળફળાદી છોડ અને મહેંદી તથા રંગીન ફૂલછોડની હારમાળાઓ બનાવવામાં આવી હતી.

વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં ઈકો કલબના વિદ્યાર્થીઓએ ખૂબ જ ખંત અને ઉત્સાહ દાખવીને કાર્ય કર્યું હતું. સાથે રોપેલ વૃક્ષોની માવજત અને ઉછેર કરવાની જવાબદારી સ્વીકારી હતી. આ કાર્યમાં શિક્ષક મહેશભાઈ એસ. બારોટ ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમ શાળાના 'નિસર્ગ પ્રેમી' આચાર્ય અર્જુનસિંહ બી. પરમાર સાહેબના માર્ગદર્શન નીચે યોજવામાં આવ્યો હતો. અંતે વિદ્યાર્થીઓ દ્વારા 'વૃક્ષો ધરતીનું અણમોલ ધન તેનો ઉછેર કરીશું તો વળશે મન' જેવા સૂત્રોચ્ચાર સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## હરિની દ્રષ્ટિ...




સાહેબ, હજુ સુધી બધુ કંટ્રોલમાં જ છે....!!

### માહિતી ખાતાના વર્ગ-૩ મંડળના પ્રમુખપદે દિનેશ ચૌહાણ, મહામંત્રી તરીકે કે. જી. વાઘેલા વિજેતા

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની તા. ૨૭-૦૭-૨૦૧૪ના રોજ યોજાયેલી પ્રમુખ અને મહામંત્રીની ચૂંટણીમાં સતત નવમા વર્ષે



ક્રિયાશીલ શ્રી દિનેશ ચૌહાણ પ્રમુખ તરીકે વિજેતા થયા હતા અને અને કે. જી. વાઘેલા મહામંત્રી તરીકે વિજેતા થયા હતા. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે.

જેમાં પ્રમુખ તરીકે શ્રી દિનેશ ચૌહાણ તથા મહામંત્રી તરીકે કે. જી. વાઘેલા ઉપરાંત ઉપપ્રમુખ તરીકે સર્વ પ્રવિણ એ. પટેલ, બી. ટી. ઠુમર, વી. એન. પટેલ, જી. એસ. ઠાકોર અને પારૂલબેન મણિયાર અને સહમંત્રી એચ. વી. ગોહિલ તથા ખજાનચી તરીકે કવસિંગ જે. પરમારની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વશ્રી જે. એલ. ચૌધરી (વડી કચેરી), જે. એન. સત્યદેવ (સૌરાષ્ટ્ર ઝોન), નટુભાઈ લીમ્બાચીયા (મધ્ય ગુજરાત ઝોન), નરેશ પટેલ (દક્ષિણ ગુજરાત ઝોન), નરેશ દિક્ષીત (ઉત્તર ઝોન)ની નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વશ્રી સંજય પારેખ, બી. એન. વાડદોરીયા, વિનોદ ચૌહાણ, ગૌતમ પ્રજાપતિ, પી. પી. સોરઠીયા, સંજય પટેલ (ભરૂચ), સંજય રાજ્યગુરૂ(જૂનાગઢ), જે. એન. વાળંદ, અક્ષય દેસાઈ (વલસાડ), કમલ રાઠોડ, વી. જી. નાયક (મહેસાણા) અને ડી. એ.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. કેન્સર ટયુમરની સ્ટેમસેલ કોષિકાઓને નષ્ટ કરનાર પ્રોટીન એસ.એફ. આર.પી.૪ની શોધ કોણે કરી ?
➜ **પ્રો. અરૂણ ધર્મરાજન**
૨. ચીનના વૈજ્ઞાનિકોએ 'વાઈ-ફાઈ' કરતાં વધુ ઝડપી કયુ ઈન્ટરનેટ માધ્યમ શોધ્યું છે ?
➜ **'લાઇ-ફાઇ'**
૩. હિમાલયમાં યતિનું રહસ્ય બોલનાર વૈજ્ઞાનિક બ્રિયાન સિક્સ બ્રિટિની કઈ યુનિ.સાથે સંકળાયેલાં છે ?
➜ **ઓક્સફોર્ડ**
૪. વર્ષ ૨૦૧૫ના આઈ.સી.સી. વિશ્વકપ બદલ પસંદ થનાર ટીમ કઈ છે ?
➜ **અફઘાનિસ્તાન**
૫. મકાઉ ઓપન સ્કવૉશ ટુર્નામેન્ટ-૨૦૧૩માં મહિલા સિંગલ વિજેતા કોણ છે ?
➜ **દીપિકા વલ્લીકાર**
૬. ૧૯ ઓકટોબરે નિધન પામનાર પાકિસ્તાની ગાયિકા ઝુબૈદા ખાનમ ભારતના કયા શહેરમાં જન્મ્યા હતા ?
➜ **અમૃતસર**
૭. ૧૮ ઓકટોબરે હૈદરાબાદ ખાતે નિધન પામનાર તેલુગુ સાહિત્યકાર ડૉ. રાઉરી બારદ્વાજ કેટલામો જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા થયા હતા ?
➜ **૪૮મો**
૮. ૨૦૧૩માં ત્રણ દિવસીય ભારત મહોત્સવ કયા દેશમાં યોજાયો ?
➜ **ક્યૂબા**
૯. મિસ યુનિવર્સ-૨૦૧૩ની સ્પર્ધામાં કયા દેશે પ્રથમવાર ભાગ લીધો હતો ?
➜ **અજરબૈજાન**
૧૦. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ૩૭મી ભારતીય સમાજ વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્દ્ઘાટન કયાં કર્યું હતું ?
➜ **અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી**
૧૧. શ્રમ અને રોજગાર મંત્રાલય યુવાનો સાથે સંબંધિત રોજગારી-બેરોજગારીના વાર્ષિક અહેવાલમાં ૧૮થી ૨૯ વર્ષના વય જૂથનો બેકારી દર કેટલો છે ?
➜ **૧૩ ટકા**
૧૨. ચોથી પેઢીના કયા હળવા યુદ્ધ વિમાનને ઓપરેશન ક્લિયરન્સ મળ્યું ?
➜ **તેજસ**
૧૩. તાજેતરમાં દાભોલ-બેંગ્લોર ગેસ પાઈપલાઈન રાષ્ટ્રને કોણે સમર્પિત કરી હતી?
➜ **વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ**
૧૪. કઈ સમિતિની ભલામણોને આધારે પર્યાવરણ મંત્રાલયે નવા આદેશ જાહેર કર્યા છે ?
➜ **કસ્તુરીરંગન**
૧૫. તાજેતરમાં કંઈ સંસ્થાએ ભારતમાં નોંધણી વિનાના બાળકોની માહિતી આપી હતી ?
➜ **યુનિસેફ**
૧૬. તાજેતરમાં સજાતીય સંબંધો અંતર્ગત બંધારણનો કયો અનુચ્છેદ ચર્ચાયો હતો ?
➜ **અનુચ્છેદ-૩૭૭**
૧૭. તાજેતરમાં ચર્ચિત કોમી હિંસા બિલ કોણે તૈયાર કર્યું છે ?
➜ **રાષ્ટ્રીય સલાહકાર પરિષદ**
૧૮. તાજેતરમાં ગાંજાના વેપારને કાયદેસર બનાવનારો વિશ્વનો પ્રથમ દેશ કયો છે ?
➜ **ઉરૂગ્વે**
૧૯. તાજેતરમાં પેપ્સીકો ઈન્ડિયાના સીઈઓ પદે કોની નિમણૂંક થઈ ?
➜ **ડી. શિવકુમાર**
૨૦. તાજેતરમાં પેપ્સીકો ઈન્ડિયાના સીઈઓ પદે નિયુક્ત થનાર ડી. શિવકુમારે કોનું સ્થાન લીધું ?
➜ **મનુ આનંદ**

# મેઘા રે... મેઘા રે... મત પરદેસ જારે... આજ તું પ્રેમ કા સંદેશા બરસા રે...

બોલીવુડ અને વરસાદી ગીતોનો પુરાણો નાતો છે. શનિવારે ચારે તરફ બસ વરસાદ, વરસાદ અને વરસાદ હતો. ગોરંભાયેલું આકાશ... ગરમાગરમ દાળવડાં ને મકાઈની સુગંધ અને આ માહોલમાં જો હિન્દી વરસાદનાં ગીતો ઑરકેસ્ટ્રા પર સાંભળવા મળે તો 'પહેલી બારીશ મેં ઔર તું, દૂર સે ભીની ખુશ્બુ આઈ' જેવો મધુરો સમન્વય સર્જાય... ગાંધીનગર ટાઉનહૉલમાં વરસાદી ગીતોનું વાદળ ફાટયુંઅને ત્રણ કલાક સતત રોમેન્ટીક - સુરીલા - કર્ણપ્રિય ગીતોથી વડીલ શ્રોતાગણ ભીંજાતા રહ્યાં...




'સાવન કે ઝૂલે પડે, તુમ ચલે આઓ, તુમ ચલે આઓ' નો સાદ બિગશોટ ઈવેન્ટ મેનેજમેન્ટના સંજય તન્ના અને કશ્યપ નિમાવતે પાડ્યો અને ગાંધીનગરના ૪૦૦થી સિનિયર સિટીઝન્સ વર્ષારાણીના ગીતોને માણવા આવી ગયા. ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી યોજાયેલો આ કાર્યક્રમ માત્ર સિનિયર સિટીઝન્ટ માટેનો શહેરનો પ્રથમ કાર્યક્રમ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી ગયો. 'સાવન'ના ગીતો 'આયા સાવન ઝૂમ કે' ને આવકારવા મેયર મહેન્દ્રસિંહ રાણા, કૈલાસ દીદી, ડૉ. તેજલ દલાલે દિપ પ્રાગટ્ય કરી વરસાદી ગીતો માણવા આવેલા વડીલોને આ કાર્યક્રમ અર્પણ કર્યો...

'સાવન કે સુહાને નગ્મે' સાથે 'રિમઝિમ કે ગીત સાવન ગાયે હાયે, ભીંગી ભીગી રાતોમેં,' 'હોઠોં પે બાત દિલ મેં આયે' સાથે 'ગુજરાતની લતા'નું બિરૂદ ધરાવતાં ડૉ. ફાલ્ગુનીએ દમદાર શરૂઆત કરાવી દીધી... વરસાદી ગીતોની મોજ કરાવવા મોજીલા માદક અવાજની મહારાણી જયશ્રી નાઈકનું સંચાલન એટલે કોઈ શ્રોતા કોરો રહી જ ના શકે. દરેક ગીતને શણગારવાનું અને પૂર્વભૂમિકા બાંધવાનું પડદા પાછળ રહીને કરેલું કામ કાબીલેદાદ જેવું હતું...

'ઝિલમિલ સિતારોં કા આંગન હોગા, રિમઝિમ બરસતા સાવન હોંગા, ઐસા સુંદર સપના અપના જીવન હોગા...' 'ચૂપ કે ચૂપકે' ફિલ્મનું 'અબકે સજન સાવન મે, આગ લગી જીવનમેં, ઘટા બરસેગી, નજર તરસેગી...' 'દિલ મેં આગ લગાયે, સાવન કા મહિના, નહી જીના નહી જીતા તેરે બીન નહી જીના, તુને મુઝે જો જખમ દિયે ઉન જખ્મોં કો નહીં' નું 'અલગ અલગ' નું ગીત સંપૂર્ણ માહોલ 'સાવન' અને 'વરસાદ' વચ્ચે ભીંજાતો ચાલ્યો હતો...

પાણી ભરેલા કાળા વાદળાં જેવી કાળી સાડી અને વરસાદથી ખીલેલાં ફુલો જેવા ફુલોથી રચી પડેલા સાવનની સાડીમાં સજ્જ સ્વ કિન્નરી ડૉ. ફાલ્ગુની જયારે લતાના ગીતો ગાય એટલે આહ અને વાહના પોકાર પડે... 'વક્ત' ફિલ્મનું સલિલ ચૌધરીનાં સંગીત બદ્ધ 'ઓ સજના, બરખા બહાર આઈ, રસકી ફુઆર લાઈ, અખીંયો મેં પ્યાર લાઈ, જૈસે રિમઝિમ મેરો સજન, પ્યાસે પ્યાસે મેરે નયન' અને આ માદકતા પાછળ જ 'વોં કૌન થી' નું 'નૈના બરસે રિમઝિમ રિમઝઈમ, પિતા તોરે આવન કી આસ' બંને ગીતો તાળીઓથી વધાવી લેવાયા...

'બરખા રાની જરા જમ કે બરસો, મેરા દિલબર જાના પાયે ઝુમકર બરસો' અને 'સિંદુર'નું પતઝડ સાવન બસંત બહાર, એક બરસ કે મૌસમ ચાર, પાંચવા મૌસમ પ્યાર કા ઈન્તજાર કા' બંને વરસાદી માહોલનાં સુપરડુપર ગીતો બની રહ્યાં... વરસાદી ગીતને ગુજરાતી ટચ આપવા ગવાયેલું ગીત 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મૌસમનો પહેલો વરસાદ ઝિલ્યો રાજ, એક તરણું તોડ્યુંને તમે યાદ આવ્યા.' વધુ તાળીઓ પડાવી ગયો, વતનનાં માટીની મહેંકની ઈફેક્ટ અસર કરી ગઈ...

કિશોર - લતાનું ડ્યુએટ 'મેરે નૈના સાવન ભાગો ફિરભી મેરા મન પ્યાસા,' મુકેશ લતાનું અતિ પોપ્યુલર 'સાવન કા મહિના પવન કરે શોર, જીયારા રે ઝુમે રે ઐસે રે જૈસે બનમાં નાચે મોર' બંને ગીતોની જમાવટ સરસ રહી. આયા સાવન ઝૂમ કે, બદરા હાય, બદરા છાયે, ઝુલે પડ ગયે હાય કે આયા સાવન ઝૂમ કે' નું કાર્યક્રમ ટાઈટલ સોંગ ચારેય સિંગરોએ સાથે ગાઈને 'વન્સમોર' ની ડિમાન્ડ મેળવી ગયું...



ઉઘડતે પડદે
-સંજય થોરાત
hellogandhinagar@gmail.com



બિગશોટ ઈવેન્ટના સંજય તન્ના અત્યંત ભાવવાહી બનતાં કશું બોલીના શકતા કશ્યપ નિમાવતે આજે સવારે જ યોજાયેલા એકલવાયું જીવન જીવતાં સિનિયર સિટીઝન્સના કાર્યક્રમનાં સફળતાની વાત કરી વડીલોનાં મન જીતી લીધાં. વડીલોને 'આસ્થા' ચેનલ જેવો કાર્યક્રમ નહી પણ એમનો ઈચ્છા બતાવીને આ વરસાદી ગીતોનો કાર્યક્રમ કર્યો હતો. ડૉ. તેજલ દલાલે 'જીંદગીમાં તકલીફના પડે એટલું રહેવું' જેવી વડીલોને ટકોર કરી.

'ચાંદની' ફિલ્મનું 'લગી આજ સાવનકી ફીવ વો ઝડી હે,' મન્નાડે - સતાનું રાજકપૂર - નરગીસનું રોમેન્ટીક ગીત 'પ્યાર હુઆ ઈકરાર હુઆ હે પ્યાર સે ફિર કયું ડરતા હૈ દિલ...' 'બરસાદ કી રાત'નું જીંદગી ભર નહીં ભૂલેંગી વો બરસાત કી રાત, ખત્મ હોગીના કામી તેરે મેરે પ્યાર કી રાત... 'બરસાત મેં તુમસે મિલ હજારો સજન હમ સે મિલે તુમ બરાસ મેં, તાક ધિના ધિન...' એકએકથી ચઢિયાતા ગીત અને એવી જ સુંદર રજૂઆત જાણે દેવાનંદ - દિલીપકુમાર - રાજકપૂરનો જમાનો ફરી તાદશ્ય થઈ ગયો.

'બરસાત કે મૌસમ મેં, તન્હાઈ કે આલમ મેં, ભરી બરસાત મેં પી લેને દો' આ કાર્યક્રમની એકમાત્ર નબળી રજૂઆત અને પસંદગી હતી... 'રોટી કપડા ઔર મકાન'નું 'મૈંના ભૂલુંગા, મૈંના ભૂલુંગી, ઈન રસમોં કો ઈન કસમોં કો ઈન રિશ્તે નાતોં કો' અને 'હાય હાય યે મજબૂરી, યે મૌસમ ઔર યે દૂરી, મુજે પલપલ યે તડપાયેં તેરી દો ટકીંયોકી નોંકરીમેં મેરા લાખોં કા સાવન જાયે' બંને ગીતો જોરદાર હિટ રહ્યા...

લાલાકાકા અને મારી ફરમાઈશ પર 'પ્યાસા સાવન'નું ઓલટાઈમ ગ્રેટ વરસાદી ગીત જેમાં સુરેશ વાડેકર અને લતાનો મધુરો કંઠ છે એવું 'મેઘા રે, મેઘા રે, મત પરદેસ જારે, આજ તું પ્રેમકા સંદેશ બરસા રે' અત્યંત મસ્તીથી ગાઈને શ્રોતાઓને રાજીના રેડ કરી દીધાં... 'સાવન કો આને દો, તુમ્હેં ગીતોં મેં ઢાલુંગા, સાવન કો આને દો, તુમ્હે મેં ઈક દિન ચુરાં લુંગા સાવન કો આને દો...' 'આજ મૌસમ બડા, બેઈમાન હૈ બડા, બેઈમાન હૈ આજ મૌસમ, કયાં હુઆ હૈ હુઆ કુછ નહીં હૈ, બાત પતા કયા પતા કુછ નહીં હૈ... મોજ કરાવી દીધી.'

આજના વરસાદી ગીતોના ગુલદસ્તામાં ગુજરાતની લતા ડૉ. ફાલ્ગુની સાથે એક્શન કિંગ રાજ મહેરા, હેતલ નાયક, પિનાકીન સાગરે અવાજ આપ્યો, જેમાં રાજ મહેરાએ વિવિધ અવાજો સાથે રંગ રાખ્યો. સંગીતમાં તબલા - બિપીન, કોંગો બોંગો - મુકેશ, ઓકટોપેડ - મૌલિક વૈદ્ય, કિ-બોર્ડ - ભરત ચાવડા, ગિટારિસ્ટ - દિનેશ પિલ્લાઈ અને સંગીત એરેન્ડર દેવાંગ કોષ્ટી દરેક જણાએ એમનું બેસ્ટ આપ્યું. ઓછાં જાણીતા એવાં ઑરકેસ્ટ્રા એ ખરેખર તો જાણીતાઓ કરતાં કયાંય ઊંચા દરજ્જાનું સંગીત આપ્યું. એમનાં ઈન્ટ્રોડકશનમાં એમણે 'સાવણ મેં લગ ગઈ આગ' સાથે ઈન્સ્ટ્રુમેન્ટ વગાડ્યાં...

૨૬ જુલાઈ એટલે કે આજે કારગિલ શહિદ દિન હતો અને એ અનુસંધાને 'અય મેરે વતન કે લોકો જરા આંખ મેં ભરલો પાની જો શહિદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુર્બાની' થી વિરાંજલિ અપાઈ. અત્યારે તો ભલે વરસાદ સંતાકુકડી રમીને ઠાગાઠૈયા કરે છે, પણ આ કલાકારોએ તો વરસાદી ગીતો ગાવામાં અને માહોલ જમાવવામાં કોઈ કચાશ છોડી નહીં.

માત્ર વરિષ્ઠ નાગરિકો માટે યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમને વડીલોએ મન ભરીને માણ્યો એ જ કાર્યક્રમની સફળતા બની રહી... વરસાદના મનમાં ઘુમરી લેતાં 'આહા રિમઝિમ કે યે પ્યારે પ્યારે ગીત લીયે...' હમ તુમ યે બહાર દેખો રંગ લાયા પ્યાર બરસાદ કે મહિને મેં... સાવન કે ઝુલે પડે, તુમ ચલે આઓ... 'રિમઝિમ કે તરાને લેંકે આઈ બરસાત...' 'મેઘા છાંયે આધી રાત બૈરન બન ગઈ નિંદિયા'... જેવાં જૂના ગીતો હજી સમાવ્યા હોત તો 'બરસો રે મેઘા મેઘા' જેવો વાદળાનો ગડગડાટ અને વિજળીનો ચમકારો થઈ જાત!!

**આયા સાવન ઝૂમ કે... માત્ર સિનિયર સિટીઝન્સ માટે આયોજીત બિગશોટ ઈવેન્ટ્સ મેનેજમેન્ટના કાર્યક્રમમાં 'સાવન'ના ગીતોની ધૂમ મચી : વરસાદની હેલી વચ્ચે 'બરખા રાની જરા જમ કે બરસો' અને 'સાવન કા મહિના પવન કરે સોર' જેવાં ગીતો વડીલો માટે 'મૈં ના ભૂલુંગા' સમાન સાબિત થયા**